જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૫૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી ૩૫૯ લીટર દેશી દારૂ અને ૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૧/૧૫**

**ચાંદખેડાઃ** વિજયભાઈ વિશ્વેવરીયાભાઈ ભારતીય (રહે.સ્વાગત બંગલોઝ વિભાગ-૩ ન્યુ સીજી રોડ ચાંદખેડા) એ તા.૨૨/૧૦/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૫ સવારના ૧૧/૦૦ થી તા.૨૨/૧૦/૧૫ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિમત રુપિયા ૬,૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી સી દેસાઈ ચલાવે છે.

**વેજલપુર** : આશીરા દલપતરામ પંડ્યા (રહે.સહયોગ ફ્લેટ, શાંતીનાથ ફ્લેટની પાછળ, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૧૫ સવારના ૧૧/૩૫ વાગ્યાના સુમારે પોતાના બંધ મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના કિમત રૂપિયા ૧,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૨/૧૫**

**કારંજઃ** ધર્મિષ્ઠાબહેન શરદભાઈ લીમ્બાક (રહે.અક્ષરધામ બંગલોઝ વિભાગ-૨ સ્વામિનારાયણ મંદિર રોડ સરકારી ટ્યુબવેલ બોપલ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૧૫ કલાક ૧૨/૪૫ થી ૧૨/૫૫ વાગ્યા દરમ્યાન લાલ દરવાજા ભદ્રકાળી મંદિર નજીકથી ધર્મિષ્ઠાબહેનની પાસેના પર્સ માંથી (૧) સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૫,૦૦૦/- (૨) સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૨,૦૦૦/- (૩) સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતા અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ ડી પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૧૬૩/૧૫**

**કાગડાપીઠ:** બનાલીબહેન બિધાન બિજોય વિશ્વાસ (ઉ.વ.૫૦) (રહે.પારબ સોસાયટી મણીનગર ઈસ્ટ) તા.૨૨/૧૦/૧૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે કાંકરીયા રોડ દેશી લુહાનાવાડી સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બનાલીબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બનાલીબહેન વિશ્વાસે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી એમ મકવાણા ચલાવે છે

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૬૪/૧૫**

**સરખેજ :** વાસુદેવભાઇ પુરષોત્તમભાઇ શાહ (રહે.મંગલમ એપાર્ટમેન્ટ, સોમેશ્વર દેરાસર સામે, શીવરંજની ચાર રસ્તા, સેટેલાઇટ) એ તા.૨૨/૧૦/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે બોપલ સર્કલથી શાંતીપુરા જતાં રોડ ઉપર આવેલ રઘુવીલા ઉપવન આગળ પોતાની હુન્ડાઇ કાર નંબર જીજે ૧ એચ.એમ.૭૨૯૪ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની અજાણી વ્યક્તિ દોઢ કલાકમાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ શ્રી પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૬૫/૧૫**

**શાહીબાગ :** તા.૨૨/૧૦/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ કેન્સર હોસ્પીટલ ગેટ નં.૬ ની સામેથી દીક્ષેશભાઇ બીપીનભાઇ પરમાર (રહે.સુરભી એપાર્ટમેન્ટ, સરસપુર) નાઓની એક્ટીવા નંબર જીજે.૦૧.ડી.આર.૩૩૮૦ ઉપર અભય અને અભિષેક ઇન્દ્રવદન યાદવ નાઓ પાછળ બેસી ત્રણ સવારી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન આરોપી દીક્ષેશે એક્ટીવા પુરઝડપે અને બેદરકારીથી ચલાવતાં, એક્ટીવા ઉપરનો કાબુ ગુમાવતાં પાછળ બેસેલ અભિષેક નીચે પડી જતાં, એ.એમ.ટી.એસ.નાં ટાયર નીચે આવી જતાં, અબિષેકનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ એક્ટીવા પાછળ બેસેલે અભય કાંતીભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે:નીલદીપ રેસીડેન્સી, સૈજપુર બોઘા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મનહરસિહ મગનસિહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૧૬૬/૧૫**

**વાડજ :** વિક્રમભાઇ લાલજીભાઇ વાઘેલા (ઉ.વ.૫૪)(રહે.શીવજી ફ્લેટ, દુધનાથ મહાદેવ હોલ પાસે, દધીજીબ્રીજ પાસે, જુનાવાડજ) એ પોતાને છેલ્લાં છ મહિનાથી આઁખે દેખાવાનું બંધ થઇ જતાં, ઘરે બેસી રહેતાં કંટાળી જઇ તા.૨૨/૧૦/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરનાં પાંચમા માળેથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી લીયાકતખાન નુરમિયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)